

## પ્રાંતિજના રાસલોડ હનુમાન મંદિરે ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રાસલોડ પાસે આવેલ કષ્ટભંજન હનુમાન મંદિર ખાતે પરમવંદનીય સંત શિરોમણી જયસીયારામ બાપાની પ્રેરણાથી ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ તાલુકાના રાસલોડ સ્થિત હનુમાન મંદિર ખાતે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનો શુભારંભ થયો છે. જેમાં પ્રથમ દિવસે ૪૦ નવદંપતીએ યજ્ઞમાં લાભ લીધો હતો. જ્યારે આ યજ્ઞ ત્રણ દિવસ માટે ચાલશે. જ્યારે પૂર્ણાહૂતિના દિવસે તંત સંમેલન અને મહાભંડારો યોજાશે અંતે હેલીકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવશે. આ ધાર્મિક પ્રસંગે વિવિધ શહેર અને વિસ્તારોમાંથી સાધુ સંતો અને મહંતો ઉપસ્થિત રહેશે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પાલનપુર તાલુકાના ગઠામણ ગામે ચુડવેલોનો ઉપદ્રવ લોકો ત્રાહિમામ

પાલનપુર, તા. ૧૮

પાલનપુર તાલુકાના ગઠામણ ગામ ખાતે ચોમાસાની સીઝન આવતા જ જાણે ચુડવેલોનો વરસાદ થતો હોય તેમ ગામના માર્ગો ઉપર ચુડવેલોથી ઉભરાઈ જતાં ગામના રહેણાંક મકાનોમાં પણ ચુડવેલો ઉભરાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ગઠામણ ગામના મફતપુરા વાસ, ઠાકોરવાસ, પ્રજાપતિવાસ તથા રાજપૂતવાસમાં ચુડવેલોના ઢગલા જોવા મળી રહ્યા છે. લોકોના ઘર ચુડવેલોથી ઉભરાયા છે. આથી મકાનમાં રહેવુ મુશ્કેલ બન્યું છે. જમવાની, ઉંઘવાની, બેસવાની જગ્યાઓ પર ચુડવેલોએ કબ્જો જમાવ્યો હોય તેમ લાગી રહ્યું છે. આથી ગામજનો ત્રાહિમામ પોકારી ગયા છે. તંત્ર દ્વારા ગઠામણ ગામની મુલાકાત લઈને દવાનો છંટકાવ કરીને ગ્રામજનોને ચુડવેલોથી ત્રાસથી મુક્ત કરાવાય તેવી માંગ ઉઠવા પામી છે.

### ભિલોડાનગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં

## યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓની બેદરકારીથી વારંવાર વીજ પુરવઠો ખોરવાતા ઉગ્ર રોષ

### અમુક વિસ્તારોમાં પુરતો વીજ પુરવઠો મળતો નથી. જેના કારણે અવાર-નવાર વીજ ઉપકરણો બળીને ખાખ થઈ જાય છે

ભિલોડા, તા.૧૮

સાબરકાંઠા જીલ્લાના ભિલોડાનગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓની બેદરકારીના કારણે વારંવાર વીજ પુરવઠો ખોરવાય છે. અમુક વિસ્તારોમાં પુરતો વીજ પુરવઠો મળતો નથી.જેના કારણે અવાર-નવાર વીજ ઉપકરણો બળીને ખાખ થઈ જાય છે.ભિલોડા તાલુકાના ખેરાડી ગામના અગ્રણી હીરાભાઈ પટેલ તેમજ નારણપુર-નારસોલી વિસ્તારના સામાજીક કાર્યકર મુકેશભાઈ બામણીયાના જણાવ્યા મુજબ ભિલોડા યુ.જી.વી.સી. એલ.ના જવાબદાર અધિકારીઓને વારંવાર ફરીયાદો કરવા છતાં અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢતા હોવાના કારણે ફરીયાદો નિવારણ કરવા તૈયાર નથી. ભિલોડા યુ. જી. વી. સી. એલ. ઓફીસના અમુક જવાબદાર અધિકારીઓનો વહીવટ અંધેરી નગરી અને ગંડુ રાજા જેવો વહીવટ હોવાનું લોકમુખે ચર્ચાય છે. જેનો આદર્શરૂપ નમુના તરીકે ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી, ખેરાડી, વાંકાનેર સહિત અનેક ગ્રામ્ય વિસ્તારોના ગામડાઓ જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે પરંતુ જેમાં ૨૪ કલાક વીજ પુરવઠો મળે તેવી જોગવાઈઓ હોવા છતાં અધિકારીઓ અને બેનંબરીયા કોન્ટ્રાક્ટરોની મીલીભગતના કારણે ઠેર-ઠેર હલકી ગુણવત્તાનું મટીરીયલ્સ વપરાયું હોવાના કારણે વરસાદના ચાર છાંટા પડતાની સાથે ભિલોડા તાલુકાના સંખ્યાબંધ્ધ ગામડાઓમાં લાઈટો ગાયબ થઈ જાય છે. ચોમસાની સીઝનમાં ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે ત્યારે માખી, મચ્છર, જીવાત તેમજ અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં ચુડવેલોનો ઉપદ્રવ હોવાના કારણે લાઈટો વગર પ્રજાજનો હેરાન-પેરશાન બન્યા છે. ભિલોડાનગરના હાર્દસમા રેસીડેન્ટ જૈન દેરાસર,ભુલવણી વિસ્તાર સહિત ઠેર-ઠેર અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો પુરતો મળતો નથી તેવી વ્યાપક બુમરાણો ઉભી હોવા છતાં અધિકારીઓ કહે છે કે તમારે થાય તે કરી લો.ભિલોડાના જૈન દેરાસર વિસ્તારમાં નવિન ડીપી મુકવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓને વારંવાર ફરીયાદો કરવા છતાં તેમના પેટનું પાણી હલતુ નથી ત્યારે હવે યુ.જી.વી.સી.એલ.ના ગ્રાહકો ઉચ્ચ કક્ષાએ ધારદાર રજુઆતો કરશે અને ગાંધીચીધ્યા માર્ગે લડત આપશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ ધ્વારા આ બાબતે સત્વરે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવે અને વીજળીની ફરીયાદોના પ્રશ્નોનો નીકાલ કરવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

## ખેડબ્રહ્મામાંથી ગુમ થયેલી બાળકી બે દિવસે મળી

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્માના વિજય સિનેમા વિસ્તારમાંથી ગત સોમવારે તેડાઘરમાં લઈ જવાઈ રહેલી ત્રણ વર્ષની બાળકી ગુમ થઈ હતી જેની પરિવારજનોએ ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. બાદમાં આજે ગુરૂવારે આ ગુમ બાળકી મળી આવતા પોલીસે તે બાળકીને તેના પરિવારજનોને સોંપી હતી.

ખેડબ્રહ્મા વિસ્તારમાં સ્થિત વિજય સિનેમા પાસે રહેતા વિનોદભાઈની ૩ વર્ષીય દિકરીને સોમવારના રોજ તેડાઘર બહેન લેવા આવ્યા હતા. ત્યારબાદ તેણીને લઈ તે બીજા બાળકને લેવા ગયા હતા. ત્યારે તે બાળકી ગુમ થઈ ગઈ હતી. જેની જાણ પોલીસ સ્ટેશને કરવામાં આવતા પોલીસે તેની સઘન શોધખોળ હાથ ધરી હતી.

બે દિવસ બાદ આજે ગુરૂવારના રોજ માવાભાઈ હવજીભાઈ લખુબરા (રહે. ચિખલી, રાજસ્થાન) એ બાળકીને માણેકચોકમાં એક અસ્થિર મગજની સ્ત્રીની જોડે ખેંચતાણ કરતી જોઈ હતી. આથી માવાભાઈ તથા અન્ય પાંચ માણસોએ આ બાળકીને જોઈ જતા આ બાળકી અસ્થિર મગજની મહિલાની ન લાગતા તેની પાસેથી છોડાવી બાળકીના વાલીવારસની શોધખોળ હાથ ધરી હતી. પરિણામે ખેડબ્રહ્મામાં તપાસ કરતા બાળકી ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી. ખેડબ્રહ્મા પોલીસને સોંપી હતી.

## રાજ્યમાં સૌપ્રથમ સાબરકાંઠાના ઈડર ખાતે સ્વામી વિવેકાનંદ યુવા અને મહિલા મંડળની સક્રિય સહયોગ શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૧૮

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર ઉપક્રમે આજે સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે રાજયમાં સૌ -થમ સ્વામી વિવેકાનંદ યુવા અને મહિલા મંડળની સક્રિય શિબિર યોજાઈ હતી.

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સક્રિય શિબિરમાં યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, દેશની આવતી કાલને ઉજજવળ બનાવનાર યુવાનો સામથ્યવાન અને સશકત બને તે માટે સમગ્ર રાજયમાં સ્વામી વિવિકાનંદ યુવા કેન્દ્રોની રચના કરવામાં આવી છે. યુવાનો ખેલકૂદના માધ્યમથી ખેલદીલીની ભાવના વધુ -બળ બને અને રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બની શકે તેવો આશય રાજય સરકારનો છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી રાજયભરમાં થઈ રહી છે ત્યારે ગામડાના યુવાનોમાં વિવેકાનંદના વિચારધારાને પંહોચડવા સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો આધાર સ્તંથ બની રહેશે તેવી આશા વ્યકત કરી હતી. યુવા અને મહિલા મંડળો ગામડામાં થતી વિવિધ સેવાકીય -વૃતિઓમાં સક્રિયતા દાખવે એ જરૂરી છે.

જેમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ કે શાળા આરોગ્ય, કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવ હોય કે વન મહોત્સવ સહિતના કાર્યક્રમમાં જોડાઈને વધુમાં વધુ લોકોને લાભ અપાવે તે જરૂરી છે.

આ પસંગે યુવા અને સાસ્કૃતિક વિભાગના નાયબ સચિવ -જાપતિએ આગામી સમયમાં ગ્રામ્ય કક્ષાએ ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવશે. જેમાં મહિલાઓને પણ સામેલ થવા અનુરોધ કર્યો હતો. આ શિબિરમાં જિલ્લા અગ્રાણી પૃથ્વીરાજભાઈ પટેલે -સંગોચિત ઉદબોધન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં -ંત અધિકારી પરમારે મહેમાનોનુ શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યુ હતુ કે, રાજયમાં સૌ -થમ સક્રિયતા શિબિર ઈડર ખાતે કરવામાં આવી રહી છે જેમાં ઈડર અને વડાલી તાલૂકાના ૧૯૭ ગામમાં સ્વામી વિવેકાનંદ કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી છે, જે જિલ્લા અને રાજયના વિકાસલક્ષી નિર્માણ માટે ઉપયોગી થઈ પડશે.



## ખેડવા ગામમાં સગીરા સાથે બળાત્કારની કોશિષ

ખેડબ્રહ્મા, તા.૧૮

ખેડબ્રહ્મા તાલુકના ખેડવા ગામમાં એક સગીરાનું મોઢું દબાવી એકાંત જ્યાએ બળાત્કાર કરવાના ઈરાદો ઉપાડી જતાં સગીરાએ બુમાબમ કરતાં ફરિયાદી ત્યાં આવી જતાં આરોપી ફરાર થઈ જવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર તાલુકાના ખેડવા ગામે મંગળવારે રાત્રે આઠ વાગ્યાના સુમારે ગમાર પોકતાભાઈ અનાભાઈની અગિયાર વર્ષની દિકરી લઘુશંકા કરવા ઘર પાછળ ગઈ હતી દરમિયાન તે જ ગામનો રમેશભાઈ નાથાભાઈ ગમાર ત્યાં આવી સગીરાનું મોઢું દબાવી બાજુની નર્સરીમાં ઉપાડી ગયો હતો અને બળાત્કાર કરવાની કોશીશ કરતાં સગીરાએ બુમાબુમ કરતાં સગીરાના પિતા ત્યાં આવી જતાં રમેશભાઈ ગમાર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ અંગે પોકતાભાઈ ગમારે રમેશભાઈ ગમાર વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈ.પી.કો કલમ ૩૬૩-૩૬૬ અને ૫૭૬ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ ડી.ડી. ચાવડા ચલાવી રહ્યા છે.



પાલનપુરના ગુરૂનાનક ચોક સ્થિત આંબેડકર હોલ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉત્તરાખંડની હોનારતમાં મૃત્યુ પામેલા હજારો મૃત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. જેમાં હસમુખ પઢિયાર, અમૃત જોષી, હરેશ ચૌધરી, મંત્રી લીલાધર વાઘેલા, નૌકાબેન પ્રજાપતિ વગેરે અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૯૧૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૫ |
| એરંડા | ૬૮૮ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૬ | ૩૭૦ |
| મગ | ૬૫૧ | ૧૦૫૬ |
| બાજરી | ૨૨૯ | ૨૯૦ |
| ગવાર | ૧૦૪૨ | ૧૨૮૯ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૫૦ | ૮૭૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૧૫ | ૩૪૧ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૧૫ | ૩૪૦ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૧ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| મકાઈ | ૨૪૫ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| બાજરી | ૨૩૦ | ૩૪૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૭૩ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૮ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૭૯ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| બાજરી | ૨૪૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૪ |
| મગફળી | ૭૦૦ | ૮૪૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૯ |
| બાજરી | ૨૩૫ | ૨૮૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૨૯ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૨ |
| ચણા | ૪૫૦ | ૫૩૧ |
| જવ | ૨૩૦ | ૨૬૧ |
| મગફળી | ૬૦૦ | ૮૫૦ |
| રાયડો | ૫૨૫ | ૬૦૭ |
| ગવાર | ૧૦૯૦ | ૧૨૮૫ |
| જુવાર | ૩૪૦ | ૩૬૫ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૨ | ૨૭૭ |
| ઘઉં | ૩૨૦ | ૩૨૩ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |
| ગવાર | ૧૨૨૫ | ૧૨૩૨ |
| મકાઈ | ૨૬૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૫ |
| જુવાર | ૩૫૦ | ૩૬૫ |
| રાયડો | ૫૨૫ | ૬૦૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૭૦ | ૨૭૫ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| ગવાર | ૨૧૧૫ | ૧૨૩૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૬૫૦ |
| જુવાર | ૩૨૫ | ૩૫૦ |
| રાયડો | ૫૨૦ | ૫૮૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૪૯ |
| એરંડા | ૬૮૦ | ૭૦૬ |
| મગ | ૬૦૦ | ૮૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૭૯ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૭૦ | ૨૮૫ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૬૭ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૫૯ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૫ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| મગફળી | ૭૦૦ | ૮૫૬ |
| તલ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૮૮ |
| મગ | ૭૦૦ | ૭૨૦ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૩ |
| ડાંગર | ૨૬૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૨ | ૨૬૪ |
| બંટી | ૩૩૯ | ૩૬૦ |
| જવ | ૨૪૦ | - |
| ગવાર | ૧૦૬૧ | ૧૩૦૪ |
| એરંડા | ૬૮૦ | ૬૮૮ |

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૭ | ૫૯૬ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૧ | ૩૭૦ |
| બાજરી | ૧૭૦ | ૨૭૮ |
| એરંડા | ૬૮૦ | ૬૯૩ |
| રાયડો | ૫૮૦ | ૬૦૫ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૦ |
| રાજગરો | ૧૦૨૫ | ૧૧૯૧ |
| ગવાર | ૮૫૦ | ૧૨૪૧ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૯૮ | ૬૧૬ |
| એરંડા | ૬૬૮ | ૭૦૫ |
| ગવાર | ૯૭૦ | ૧૩૦૫ |
| ઘઉં | ૨૮૫ | ૩૬૨ |
| બાજરી | ૧૭૦ | ૨૯૨ |
| જુવાર | ૩૫૦ | ૩૭૪ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૬૫ |
| બાજરી | ૨૦૦ | ૩૧૫ |
| રાયડો | ૫૨૫ | ૬૧૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૪ |
| જુવાર | ૧૫૦ | ૫૩૬ |
| જવ | ૨૭૦ | - |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૭૯ |
| રજકાના બી | ૧૪૦૦ | ૨૫૦૧ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૮૦ | ૩૦૧ |
| ઘઉં | ૨૯૬ | ૩૬૩ |
| જીરૂ | ૧૭૭૦ | ૨૫૨૬ |
| રાયડો | ૫૬૫ | ૬૦૪ |
| મેથી | ૫૦૦ | ૫૨૦ |
| વરીયાળી | ૮૯૬ | - |
| એરંડા | ૬૩૦ | ૬૯૫ |
| અજમો | ૮૦૦ | ૯૮૩ |
| ગવાર | ૧૦૪૦ | ૧૨૬૦ |
| રજકાબી | ૧૫૨૨ | ૨૫૯૧ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૩૦ |
| બાજરી | ૨૩૯ | ૨૭૭ |
| રાયડો | ૫૮૩ | ૫૯૯ |
| એરંડા | ૬૮૩ | ૬૮૮ |
| ગવાર | ૧૨૧૩ | ૧૨૬૫ |
| જુવાર | ૩૩૧ | ૩૬૦ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૯ | ૩૫૦ |
| એરંડા | ૬૮૩ | ૬૮૮ |
| રાયડો | ૫૯૮ | - |
| બાજરી | ૨૦૦ | - |
| ગવાર | ૧૦૯૫ | ૧૨૩૦ |

**હારીજ**

| | | |
|---|---|---|
| મેથી | ૫૨૧ | ૫૬૬ |
| રાયડો | ૬૦૦ | ૬૧૫ |
| એરંડા | ૬૭૦ | ૬૯૭ |
| સાસટો | ૩૦૦ | ૪૨૭ |
| બાજરી | ૨૨૨ | ૨૪૧ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૭ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૭૨ |
| અડદ | ૫૪૧ | ૫૯૯ |
| ચણા | ૫૬૦ | ૬૪૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૬૧૮ |
| સવા | ૫૮૦ | ૭૦૬ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૨ | ૩૪૭ |
| એરંડા | ૬૭૫ | ૬૮૯ |
| બાજરી | ૨૧૫ | ૨૭૦ |
| રાયડો | ૫૭૪ | ૫૮૭ |
| ડાંગર | ૨૬૦ | ૩૮૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૬૦ |
| જુવાર | ૩૨૦ | ૩૭૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૫૦ | ૨૪૦૦ |
| વરીયાળી | ૮૫૦ | ૧૨૧૯ |
| બંટી | ૩૩૦ | ૩૫૫ |
| રાયડો | ૫૨૫ | ૬૩૮ |
| એરંડા | ૬૫૦ | ૭૮૩ |
| ઘઉં | ૨૯૫ | ૩૭૦ |
| જુવાર | ૨૭૦ | ૩૮૫ |
| બાજરી | ૨૨૭ | ૨૮૪ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૮૬ |
| મેથી | ૫૬૬ | - |
| સવા | ૫૪૬ | ૬૭૮ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૮૦ | ૩૦૨૫ |
| વરીયાળી | ૯૫૫ | ૨૨૯૧ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૩૭૧ |
| સરસવ | ૯૬૧ | - |
| રાયડો | ૫૯૮ | ૬૬૩ |
| મેથી | ૫૩૫ | ૫૪૫ |
| તલ | ૧૮૦૧ | ૨૧૬૦ |
| સવા | ૬૫૦ | ૮૩૧ |
| અજમો | ૧૧૭૫ | - |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601